**નવોપૂર્વ (સરથાણા) ઝોન ની**
**અખબારી યાદી**

તા. ૧૪/૦૬/૨૦૨૪

નવોપૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં તા.૧૪/૦૬/૨૦૨૪ નાં રોજ નીચે જણાવેલ સ્થળએ કરવામાં આવેલ ડિમોલીશનની વિગત

| અ.નં. | ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં. | સ્થળ | ડીમોલીશન વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૨૧, (સરથાણા - સીમાડા), એફ.પી.૩ | વ્રજરત્ન એપાર્ટમેન્ટ, બિલ્ડીગ નં.એફ | વ્રજરત્ન એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ નં.એફ માં મંજુર પ્લાન વિરૂધ્ધ બાલકનીના ભાગમાં કરવામાં આવેલ બાંધકામ | |

નવો પૂર્વ(સરથાણા)ઝોન-બી વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧(સરથાણા-સીમાડા), ફા.પ્લોટ નં.૩ માં આવેલ વ્રજરત્ન એપાર્ટમેન્ટમાં, બિલ્ડીંગ નં.એ,બી,સી,ડી,ઈ,એફ એમ છ બિલ્ડીંગ પૈકી બિલ્ડીંગ નં.એફ વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ ગ્રા.ફલોર + ચાર માળ ઉપર બાલ્કનીના આગળના અને પાછળના તેમજ સાઇડના માર્જિનના ભાગે સ્થળ પર ગેરકાયદેસર બાંધકામ અન્વયે અત્રેથી તા.૨૩/૦૪/૨૦૨૪ થી પ્રશ્નવાળી મિલ્કતમાં બાંધકામ સ્થગિત કરવા નોટીસ પાઠવવામાં આવેલ તેમ છતા બાંધકામ શરૂ રાખતા અત્રેથી તા.૧૩/૦૫/૨૦૨૪ ધી.બી.પી.એમ.સી.એકટની કલમ ૨૬૦(૧)(અ) મુજબની કારણદર્શક નોટીસ તેમજ મનાઈ હુકમ પાઠવવામાં આવેલ. પરંતુ અરજદારશ્રી ધ્વારા આજદિન સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરેલ ન હોય મંજુર પ્લાન વિરૂધ્ધ બાલ્કનીના ભાગમાં કરવામાં આવેલ આશરે ૨૧૧.૦૦ સ્કવેર મી. બાંધકામ આજ રોજ અત્રેથી દુર કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી અત્રેના શહેર વિકાસ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ તથા પોલીસ સ્ટાફની મદદથી ઝોનના વડા ડે.કમિશ્નરશ્રી(ડી)ના માર્ગદર્શન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી એસ.સી. વસાવાના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવાસદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૮૭
તા.૧૮/૦૬/૨૦૨૪